**પ્રાથમિક શાળાઓને વિલીનીકરણ**
**કરવા નીતિ નક્કી કરવા બાબત...**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧-૨૦૧૧-૨૩૦૮૪૯-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૯/૦૫/૨૦૧૧

**વંચાણેલીધોઃ-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૫-૪-૨૦૧૦નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૩૮૯-૧૭૨૮-ક.

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની તા.૨૨-૩-૨૦૧૧ની સીંગલ ફાઇલ ક્રમાંકઃ૭/૨૦૧૧ પરની દરખાસ્ત....

**આ મુ ખ :-**

ભારત સરકારના બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૧૦ અન્વયે શિક્ષણ વિભાગના તા.૧૫-૪-૨૦૧૦ના ઠરાવથી રાજયના પ્રાથમિક શિક્ષણના ધોરણ-૧ થી ૫ ને પ્રાથમિક શિક્ષણ અને ધોરણ ૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એમ બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. રાજયમાં કુલ ૧૩૪૫૦ પ્રાથમિક શાળાઓ એવી છે કે જેમાં ૧૦૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ છે. તે પૈકી ૬૮૨૬ પ્રાથમિક શાળાઓ એવી છે કે જેમાં ૫૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ છે. ધોરણ-૧ થી ૭ અથવા ધોરણ ૮ સુધી હોય પણ ૧૦૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ હોય તેવી ૩૮૯૧ પ્રાથમિક શાળાઓ અને ૫૦ કરતાં પણ ઓછા વિદ્યાર્થીઓ હોય તેવી ૧૩૫૬ પ્રાથમિક શાળાઓ છે. આ પૈકી અમુક પ્રાથમિક શાળાઓ શહેરી વિસ્તારની પણ છે પરંતુ મોટાભાગની પ્રાથમિક શાળાઓ ગ્રામ્ય વિસ્તારની છે. આવી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા હોવાને લીધે ઓછામાં ઓછા અમુક શિક્ષકો આપવાની નીતિને કારણે શિક્ષકોનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ થઇ શકતો નથી. એક જ ગામમાં દરેક પ્રાથમિક શાળાને જરૂરી માળખાકીય સુવિધાઓ પુરી પાડવા માટે વપરાતા નાણાંનો ઇષ્ટત્તમ ઉપયોગ થતો નથી પરિણામે સંબંધિત ગામના વિદ્યાર્થીઓને પૂરતો લાભ પણ મળતો નથી. તેથી ઓછી સંખ્યાવાળી પ્રાથમિક શાળાઓને નજીકની વધુ સુવિધાવાળી અને ગામને અનુકૂળ હોય તેવી પ્રાથમિક શાળાઓમાં વિલીનીકરણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરી છે અને પ્રાથમિક શાળાઓનું જયાં વિલીનીકરણ કરવાનું જરૂરી જણાય ત્યાં વિલીનીકરણ કરવા માટે નીચે મુજબની નીતિ અમલમાં મૂકવા ઠરાવેલ છે.

**ઠ રા વ :-**

આ ઠરાવ એવી બધી શાળાઓ કે જેમાં કુલ વિદ્યાર્થી સંખ્યા ૧૦૦ કે તેનાથી પણ ઓછી છે તેના વિલીનીકરણ માટે લાગુ પડશે.

૧૫૪/૫/૨૦૧

**(અ) આમુખમાં જણાવેલ પ્રાથમિક શાળાઓ એવા ગામમાં આવેલી હોય કે જયાં કે તે જ ગામમાં બીજી પ્રાથમિક શાળા પણ છે તેવા કિસ્સાઓમાં વિલીનીકરણ કરવાની થતી કાર્યવાહી :-**

(૧) પ્રાથમિક શાળાને તે જ ગામમાં આવેલી બીજી મોટી વધારે સુવિધાવાળી અને ગામને અનુકૂળ પ્રાથમિક શાળામાં વિલીનીકરણ કરવાનું રહેશે.



http://teachersvadodara.yolasite.com/

(૨) જો બીજી શાળા ૧ કિ.મી. કરતાં વધારે અંતરે આવેલી હોય તો આ શાળામાં ફકત ધોરણ-૧ થી ૫ ચાલુ રાખવાનું રહેશે. અને જો બીજી શાળા ૧ કિ.મી. કરતાં પણ ઓછા અંતરે હોય તો સંપૂર્ણ પ્રાથમિક શાળાનું વિલીનીકરણ કરવાનું રહેશે.

(૩) બીજી પ્રાથમિક શાળા તે જ ગામમાં ૧ કિ.મી. કરતાં ઓછા અથવા વધારે જે પણ અંતરે આવેલી હોય ત્યાં ધોરણ-૬ થી ૭/૮નું વિલીનીકરણ ફરજીયાત કરવાનું રહેશે.

(૪) પ્રાથમિક શાળાઓના વિલીનીકરણ કરવામાં આવતાં પ્રાથમિક શાળાના વર્ગ ખંડોનો પણ કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુથી વિલીન થયેલી બંને કે વધારે શાળાઓને એક પ્રાથમિક શાળા તરીકે કોડ આપવાનો રહેશે અને એક જ પ્રાથમિક શાળાના એક મકાનમાં ધોરણ ૧ થી ૫ અને બીજા મકાનમાં ધોરણ-૬ થી ૮ પ્રમાણે વર્ગો કરવા અને બંને પ્રાથમિક શાળાના મકાનનો ઉપયોગ કરવાનો રહેશે.

**(બ) જો તે જ ગામમાં બીજી પ્રાથમિક શાળા ના હોય તો તેવા કિસ્સાઓમાં વિલીનીકરણ કરવાની થતી કાર્યવાહી :-**

(૧) ધોરણ-૧ થી ૫ આ પ્રાથમિક શાળાઓમાં ચાલુ રાખવાનું રહેશે.

(૨) જો બીજા ગામની સૌથી નજીકની પ્રાથમિક શાળા ૩ કિ.મી. કરતાં પણ ઓછા અંતરે હોય તો આ પ્રાથમિક શાળામાં ધોરણ-૬ થી ૮ બંધ કરીને સૌથી નજીકની બીજા ગામની સુવિધાવાળી અને અનુકૂળ પ્રાથમિક શાળામાં ધોરણ-૬ થી ૮નું વિલીનીકરણ કરવાનું રહેશે.

(૩) જો બીજા ગામની સૌથી નજીકની શાળા ૩ કિ.મી. કરતાં વધારે અંતરે હોય તો ધોરણ-૧ થી ૮ સુધીની શાળા હાલે ચાલુ રાખવાની રહેશે પરંતુ આવી પ્રાથમિક શાળાની યાદી અને ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા મંગાવીને વાહનવ્યવહારની કોઇ વ્યવસ્થા થઇ શકે તેમ છે કે કેમ તે જાણ્યા પછી નિર્ણય કરવાનો રહેશે.

**(ક) એક જ ગામમાં એક કરતાં વધારે પ્રાથમિક શાળાઓ ચાલુ રાખવા માટે :-**

(૧) જે તે ગામમાં ધોરણ-૧ થી ૫ના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦૦ કરતાં વધારે હોય ત્યારે જ બીજી શાળા શરૂ કરવાની પરવાનગી આપવામાં આવશે કે જેથી દરેક શાળામાં ૨૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ ધોરણ-૧ થી ૫માં રહે. આ નિયમના અપવાદ સ્વરૂપે જો શાળાઓમાં અંતર ૧ કિ.મી. કરતાં વધી જતું હોય તો બીજી પ્રાથમિક શાળા શરૂ કરી શકાશે.

(૨) ધોરણ-૬ થી ૮ માટે બીજી પ્રાથમિક શાળા ત્યારે જ શરુ કરી શકાશે જયારે ગામમાં આ ધોરણોના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦ કરતાં વધારે હોય. જેથી દરેક પ્રાથમિક શાળાને ઓછામાં ઓછા ૧૦૦ વિદ્યાર્થીઓ મળી રહે.

**(ડ) શહેરી વિસ્તારોમાં વિલીનીકરણ કરવા બાબત:-**

(૧) પ્રાથમિક શાળાઓમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ કરતાં ઓછી છે તેમાં પણ જો ૧ કિ.મી.ના અંતરે બીજી પ્રાથમિક શાળા આવેલી હોય તો આ પ્રાથમિક શાળાને તે નજીકની બીજી સુવિધાવાળી પ્રાથમિક શાળામાં સંપૂર્ણ વિલીનીકરણ કરવાનું રહેશે. અને એક મકાનમાં ધોરણ-૧ થી ૫ અને બીજા મકાનમાં ધોરણ-૬ થી ૮ શરૂ કરવાનું રહેશે.

(૨) આવી પ્રાથમિક શાળાઓ સૌથી નજીકની પ્રાથમિક શાળા ૧ કિ.મી. કરતાં વધારે અંતરે પણ ૩ કિ.મી. કરતાં ઓછા અંતરે આવેલી હોય તેવા કિસ્સાઓમાં ધોરણ-૧ થી ૫ આ પ્રાથમિક શાળામાં ચાલુ રાખવાનું રહેશે અને ધોરણ-૬ થી ૮ આ પ્રાથમિક શાળામાં બંધ કરી તેની નજીકની પ્રાથમિક શાળામાં વિલીનીકરણ કરવાનું રહેશે.

(૩) જો બીજી પ્રાથમિક શાળા ૩ કિ.મી. કરતાં વધારે અંતરે આવેલી હોય તો આવી પ્રાથમિક શાળાઓની યાદી મંગાવીને વિદ્યાર્થીઓની સંખ્યા અને સૌથી નજીકની પ્રાથમિક શાળા કેટલી દૂર છે અને વાહનવ્યવહારની કોઇ વ્યવસ્થા કરીને પ્રાથમિક શાળાઓનું વિલીનીકરણ કરી શકાય કે



http://teachersvadodara.yolasite.com/

કેમ તે બાબત ચકાસીને પછી જ નિર્ણય લેવાનો રહેશે. હાલ આવી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ થી ૭ ચાલુ રાખવાનું રહેશે.

(ઇ) હવે પછી રાજ્યની દરેક પ્રાથમિક શાળા ધોરણ ૧ થી ૫ અથવા ધોરણ ૬ થી ૮ અથવા ધોરણ ૧ થી ૮ની રહેશે તે પણ ઠરાવવામાં આવે છે.

ઉપર્યુક્ત સુચનાઓનું અમલીકરણ ચુસ્તપણે થાય તે માટે જરૂરી મોનીટરીંગ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરે કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૯-૪-૨૦૧૧ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પોપટસિંહ વાઘેલા)
ઉપ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન અને મધ્યાહન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(ઉપરના પાંચ માટે: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત)

- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઠરાવ ઓન લાઇન મુકવા સારું)
- સિલેક્ટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.



http://teachersvadodara.yolasite.com/